જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૯૭૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ, ૯૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૫૧ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩,૩૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૯૭૩/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ** : પ્રકાશભાઇ નવીનચંદ્ર શાહ (ઉ.વ.૭૮)(રહે, પ્રકાશ બંગલો, નવરંગપુરા પોસ્ટ ઓફીસની પાછળ, નવરંગપુરા) એ ક્રાઇમબ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જાન્યુઆરી/૨૦૧૭ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) એ.કે. મહેતા (૨) ભટનાગર (૩) સી.એલ.વર્મા (વેદપ્રકાશ) (૪) વેદપ્રકાશ (૫) આકાશ જૈન (૬) રમેશસિંગ તથા ઇ-મેલ આઇ.ડી. akashjain.rbifundmanager@gmail.com તથા rameshsgbicdep@gmail.com ના ધારકો તથા બેંક એકાઉન્ટ ધારકોએ ભેગામળી પ્રકાશભાઇની HDFC પોલીસીઓ બાબતે તેમણે પોલીસીઓમાં ભરેલ ફંડ પરત મેળવવા અંગે લોભામણી લાલચ આપી, પ્રકાશભાઇને વિશ્વાસમાં લઇ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા તથા બેંક ઓફ ઇન્ડીયાના બનાવટી લેટરો ઇ-મેલ મારફતે મોકલી આપી, અલગ-અલગ બેંક એકાઉન્ટોમાં અલગ-અલગ પ્રોસીજરના બહાને કુલ રૂપીયા ૭,૭૬,૮૨૮/-ભરાવી આ રકમ આરોપીઓએ ઉપાડી લઇ પ્રકાશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૯૭૪/૧૭**

**નરોડા** : ડીમ્પલબેન જીગ્નેશભાઇ બ્રાહમણીયા (ઉ.વ.૩૨)(રહે,પ્રહલાદપાર્ક રેસીડેન્સી રાઘવ રેસીડેન્સી પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૧૭ બપોરના ૩/૩૦ થી સાંજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના ક્રિંમત રૂપીયા ૮૩,૨૦૦/- તથા રોકડા રૂપીયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૯૩,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૭૫/૧૭**

**ચાંદખેડા** : રેખાબેન રમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૫૨)(રહે,સાનિધ્ય ફ્લેટ, પર્લ-૧૦૦ ની બાજુમાં ત્રાગડ રોડ સાબરમતી) તા.૨૧/૦૯/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે ચાંદખેડા, ગાંઠીયા રથથી ત્રાગડ જતા રોડ ઉપર પરમેશ્વર-૬ ની સામેના ચાર રસ્તા પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેખાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા૩૬,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ રેખાબેન ચૌહાણે તા.૨૯/૯/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**ત્રીજા માળેથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૯૭૬/૧૭**

**સરખેજ** : રાકેશભાઈ ચંપાભાઈ તાવીયાડ(ઉ.વ.૨૦)(રહે,શીવાલીક સત્યમેવ બોપલચાર રસ્તા આંબલી) તા.૨૯/૦૯/૧૭ સવારના ૮/૦૦ વાગ્યાનાં સુમારે શીવાલીક સત્યમેવ કોમર્શીયલના ત્રીજા માળે સેન્ટીગનો સામાન ભેગો કરતા હતા દરમ્યાન તેઓનો પગ લપસી જતાં, ત્રીજા માળેથી નીચે પડતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૪/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ રાકેશભાઇને મૃત જાહેર કર્યા હતા આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો. હિતેન્દ્રસિંહ મનુભા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૭૭/૧૭**

**રીવરફ્રન્ટ (વેસ્ટ)** : ઇશ્વરભાઇ કુસાભાઇ પરમાર (ઉ.વ.૭૫)(રહે,આરાધ્ય હોમ્સ, સ્નેહ પ્લાઝા રોડ, અર્થ સ્કુલની સામે, ચાંદખેડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૯/૦૯/૨૦૧૭ ના કલાક ૦૭/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના રીવરફ્રન્ટ પૂર્વ કિનારે રવિવારી બઝાર પાછળ એલિસબ્રીજ તથા સરદારબ્રિજ વચ્ચે આવેલ વોક-વે ની નીચે નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.